શુક્રવાર, 21 નવેમ્બર, 2025 માગશર સુદ એકમ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ વર્ષ : ૧ અંક : ૨૧ ✸

## પ્રદૂષણ વધતાં અમદાવાદ-વડોદરા સહિત અનેક શહેરોમાં AQI 200 પાર, સ્વાસ્થ્ય માટે ખતરો

રાજ્યમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) સતત ઉંચો જતાં હવાની ગુણવત્તા ચિંતાજનક સ્તરે પહોંચી છે. અમદાવાદમાં AQI 240, વડોદરામાં 220, સુરતમાં 206 અને રાજકોટમાં 204 સુધી પહોંચ્યો હતો, જેના કારણે હવા 'ખરાબ' કેટેગરીમાં દાખલ થઈ ગઈ છે. પ્રદૂષણના વધતા સ્તરે લોકોના સ્વાસ્થ્ય પર અસર થઈ શકે છે, ખાસ કરીને શ્વાસના દર્દીઓને મુશ્કેલી વધી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે વહેલી સવારે અને રાત્રે પ્રદૂષણ વધુ રહેતું હોય છે, તેથી નાગરિકોએ આવા સમયે બહાર જવાનું ટાળવું જોઈએ અને જરૂર પડે ત્યારે N95 માસ્કનો ઉપયોગ કરવો જોઈએ.

શિયાળાની ઋતુમાં AQIમાં સામાન્ય રીતે વધારો જોવા મળે છે. ડૉ. સહલ શાહના જણાવ્યા મુજબ વાહનોનો ધુમાડો, નિર્માણ સાઇટ્સ પરથી ઊડતા ધૂળકણો, રોડ ડસ્ટ અને વિવિધ પર્યાવરણીય પરિબળો AQI વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. દિવાળી બાદ શહેરોમાં AQI 200થી ઉપર જળવાઈ રહેતાં હવાની ગુણવત્તામાં નોંધપાત્ર ઘટાડો આવ્યો છે.

સુરતનો AQI અન્ય શહેરોની સરખામણીએ ઓછો હોવા છતાં 200ની આસપાસ પહોંચતા ચિંતા વધી છે. રાજકોટમાં છેલ્લા પાંચ વર્ષમાં નવેમ્બર મહિનાનો સર્વોચ્ચ AQI આ વર્ષે નોંધાયો હતો. નિષ્ણાતો મુજબ AQI 150થી ઉપર હોય ત્યારે વૃદ્ધો, બાળકો, ગર્ભવતી મહિલાઓ અને શ્વાસના દર્દીઓએ શક્ય હોય તેટલું બહાર ન જવું જોઈએ.



### શિયાળે વધતા પ્રદૂષણથી અમદાવાદ-વડોદરામાં AQI 200 પાર, ચિંતા વધી

## પાદરામાં ઓનલાઈન ટાસ્કના બહાને મહિલાની છેતરપિંડી

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના કોઠી ફળિયામાં રહેતી ગૃહિણી અને ટ્યુશન શિક્ષિકાને ઓનલાઈન ટાસ્ક દ્વારા રૂપિયા 4.59 લાખની છેતરપિંડીનો ભોગ બનવું પડ્યું છે. ઈન્સ્ટાગ્રામ પર પાર્ટ ટાઈમ જોબની લોભામણી જાહેરાત મહિલા વૉટ્સએપ અને ત્યારબાદ ટેલિગ્રામ ગ્રૂપમાં જોડાઈ હતી. શરૂઆતમાં નાની રકમના હોટેલ રેટિંગ ટાસ્ક કરાવી તરત પૈસા પરત કરાતા વિશ્વાસ વધ્યો, પરંતુ પછી મોટા ટાસ્કના નામે સતત ચૂકવણી માગવામાં આવી.

ફ્રીઝ થયેલ એકાઉન્ટ ખોલવા વધારાના 50 હજારની માંગ સહિત મહિલાએ કુલ રૂપિયા 4,58,915 વિવિધ બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. બાદમાં રકમ પરત ન કરવામાં આવી અને ઠગોએ બ્લોક કરી દેતાં મહિલાને છેતરપિંડીની શંકા થઈ. મહિલાએ પાદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## શિક્ષણ વિભાગે રાજ્યમાં નવી DEO કચેરીઓ મંજૂર કરી

રાજ્યના શિક્ષણ વિભાગે વધતા શૈક્ષણિક પ્રશાસનના ભારને ધ્યાને લઇ છ નવી જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરીઓને મંજૂરી આપી છે. અમદાવાદ શહેરને પૂર્વ અને પશ્ચિમ એમ બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યો છે, જ્યારે રાજકોટ, વડોદરા, સુરત અને ગાંધીનગરને શહેર અને ગ્રામ્ય એમ અલગ કચેરીઓ અપાઈ છે. કચ્છમાં પણ અંજાર પૂર્વ અને કચ્છ–ભુજ પશ્ચિમ એમ બે નવી DEO કચેરીઓ શરૂ થશે.

છેલ્લાં કેટલાક વર્ષોમાં ગ્રામ્ય અને શહેર વિસ્તારોમાં શાળાઓની સંખ્યા વધી જતાં વર્તમાન DEO કચેરીઓ પર ભારે કામકાજનું દબાણ હતું. શાળા સંચાલકોની રજૂઆત બાદ વિભાગે વિભાજનનો નિર્ણય કર્યો છે. નવી કચેરીઓ માટે વૈકલ્પિક બેઠક વ્યવસ્થા પણ નક્કી કરવામાં આવી છે, જેથી કાર્ય વધુ સુવ્યવસ્થિત અને ઝડપી બને.

## જિલ્લામાં ટ્રાફિક ઉલ્લંઘન અને જાહેરનામા ભંગના અનેક કેસ

વડોદરા જિલ્લાના કાયાવરોહણ ગામમાં ડિજિટલ એરેસ્ટના દબાણ હેઠળ એક ખેડૂતે આપઘાત કર્યાની રાજ્યની પ્રથમ ગંભીર ઘટના સામે આવી છે. કાકા રામના ફળિયામાં રહેતા 65 વર્ષીય અતુલભાઈ હીરાભાઈ પટેલને ભેજાબાજોએ દિલ્હી ATSના નામે ફોન કરી તેમના બેંક ખાતામાં રૂ. 40 કરોડના ફ્રોડની તપાસ ચાલી રહી હોવાનો ખોટો આરોપ લગાવ્યો હતો. ત્યારબાદ તેમને વ્હોટ્સએપ કોલ અને વીડિયો કોલ દ્વારા સતત 5-5 મિનિટે ફોન કરીને એક દિવસ સુધી 'ડિજિટલ એરેસ્ટ'માં રાખી ધમકાવવામાં આવ્યા હતા.

ભય અને માનસિક દબાણ સહન ન કરી શકતા અતુલભાઈએ 17 નવેમ્બરની સવારે ઝેરી દવા પી દીધી હતી. તેમને તરત હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા પરંતુ 18 નવેમ્બરે તેમનું દુઃખદ અવસાન થયું. પરિજનોને શંકા થતાં તેમણે ઘરમાં મળેલા ફોન નંબર પર સંપર્ક કર્યો, જેમાં ઠગે પોતે ATS ના ઇન્સ્પેક્ટર ગૌરવ ગ્રોવર હોવાનો દાવો કર્યો અને આઈકાર્ડ મોકલ્યું હતું. ભત્રીજા અંશ પટેલના જણાવ્યા મુજબ, કાકા છેલ્લા ત્રણ દિવસથી અસામાન્ય રીતે ગભરાયેલા હતા અને કોઈ સાથે વાતચીત કરતા ન હતા. તેમણે કહ્યું કે આવા સાયબર ઠગો સામે કડક કાર્યવાહી જરૂરી છે જેથી કોઈ બીજી પરિવારને આ દુઃખનો સામનો ન કરવો પડે. ડભોઈ પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે અને ઠગોનાં નંબર તથા કોલ રેકોર્ડ એકત્ર કરી રહી છે.




## વાઘોડિયામાં સોસાયટીના ગેટ મુદ્દે વધેલા વિવાદે રાખ્યો ઉગ્ર સ્વરૂપ

વાઘોડિયા તાલુકાના પીપળીયાની શરણમ સ્ટાઈલ સોસાયટીમાં ગેટ નંબર-૨ બંધ કરવા મુદ્દે રહેવાસીઓ વચ્ચે તણાવભર્યું વાતાવરણ સર્જાયું. ફરિયાદી સાગર ગોરખનાથ ગુજર જણાવ્યા મુજબ, ગેટ બંધ કરવાની બાબતને લઈને અદિત્ય પાન્ડે, ચીરંજીવ પાન્ડે, હેમંત પંચાલ અને ખુશ્બુબેન પંચાલ સાથે બોલાચાલી થઈ હતી. તકરાર ઝડપથી ઉગ્ર બની જતા શારીરિક અથડામણ સુધી પહોંચી હતી. ઘટનાક્રમ દરમ્યાન એક આરોપીએ પેવર બ્લોક વડે ફરિયાદીના માથામાં ઈજા પહોંચાડી હતી, જ્યારે સાહેદ પ્રતિકના ખભા પર પણ વાગ્યું હતું. સોસાયટીના દૈનિક વ્યવસ્થાને લઈને શરૂ થયેલો નાનકડો મતભેદ આખરે ગંભીર ઝઘડામાં પરિણમ્યો હતો.

## વાઘોડિયામાં દુબઈ ગિફ્ટના ભ્રમમાં ૨.૭૫ લાખની છેતરપિંડી

વાઘોડિયા વિસ્તારમાં રહેતા વિનોદભાઈ બળવંતભાઈ પઢીયાર સાથે દુબઈથી ગિફ્ટ મળવાની લાલચ આપીને મોટાપાયે સાયબર છેતરપિંડી થઈ હોવાનો મામલો સામે આવ્યો છે. ફરિયાદી મુજબ, એક અજાણ્યા વ્યક્તિએ વોટ્સએપ કોલ કરી પોતે દુબઈના ઝમઝમ ઇલેક્ટ્રોનિક્સમાંથી "છોટેભાઈ" બોલે છે એવું કહી વિશ્વાસમાં લીધો હતો. આરોપીએ બે આઈફોન અને સોનાના દાગીના ગિફ્ટ રૂપે મળ્યા હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ગિફ્ટ પાર્સલ મુંબઈ એરપોર્ટ પર અટવાયું હોવાથી ક્લિયરન્સ ફી, ચાર્જિસ અને અન્ય પ્રક્રિયાના નામે અનેક ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કરાવ્યા હતા. આ રીતે કુલ રૂ. ૨,૭૫,૦૦૦ ની રકમ પડાવી લેવામાં આવી હતી. સાયબર ગુનાખોરીના વધતા કૌભાંડમાં આ એક વધુ બનાવ ઉમેરાયો છે.

## દંતેશ્વરમાં સ્માર્ટ મીટર સામે રહીશોમાં ભારે અસમાધાન

વડોદરાના દંતેશ્વર વિસ્તારમાં ભવ્ય દર્શન ફ્લેટના રહીશો સ્માર્ટ મીટર મુકવાની ફરજિયાતી સામે ભારે વિરોધ કરી રહ્યા છે. રહીશોના આક્ષેપ મુજબ, કર્મચારીઓ સ્માર્ટ મીટર ન લગાવવાથી કનેક્શન કાપી નાખવાની ચીમકી આપી રહ્યા છે, જેના કારણે પરિવારો અને વૃદ્ધોમાં ભયનો માહોલ છે.

સ્થાનિકોએ જણાવ્યું કે કોઈ પૂર્વ જાણ કર્યા વિના મીટર બદલવા આવવામાં આવે છે અને જીઈબી પાસે રજૂઆત કર્ય છતાં પણ બદલાવાની કોઈ તૈયારી નથી. રહેવાસીઓએ અસંતોષ વ્યક્ત કરતાં આવનારી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચેતવણી પણ આપી છે.

## દિલ્હી-મુંબઈ હાઈવે પર સુરતની કાર ટ્રકમાં ઘૂસી, બે મોત



દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે જાણે અકસ્માત ઝોન બની રહ્યો છે. અહીં સતત બીજા દિવસે ગમખ્વાર અકસ્માત સર્જાતા સુરતના બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. બનાવની વિગત મુજબ, વડોદરા નજીક લક્ષ્મીપુરા ગામ પાસે સુરતથી અમદાવાદ જઈ રહેલી એક કાર ચાલુ ટ્રકની પાછળ ધડાકાભેર અથડાઈ હતી.

આ ટક્કર એટલી ભયાનક હતી કે કારમાં સવાર સુરતના કતારગામના મેહુલભાઈ ગલાણી (ઉ.વ. ૨૭) અને અશ્વિનભાઈ પટેલ (ઉ.વ. ૪૮)ના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે પ્રશાંતભાઈ અને ઉમેશભાઈ નામના અન્ય બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્ત ઉમેશભાઈના જણાવ્યા મુજબ, સવારે ૮ વાગ્યાના અરસામાં ટ્રકને ઓવરટેક કરવા જતાં આ ગોઝારી દુર્ઘટના બની હતી. મૃતકો મૂળ અમરેલી અને જામનગરના વતની હતા જેઓ સુરતમાં સ્થાયી થયા હતા.

નોંધનીય છે કે, ગઈકાલે જ આ સ્થળથી માત્ર ૨૦ કિમી દૂર સરસવાણી પાસે અકસ્માત થયો હતો. આમ, ૨૪ કલાકમાં જ ૨૦ કિમીના અંતરે બે જીવલેણ બનાવો બનતા હાઈવે પર ડ્રાઈવિંગ સેફ્ટી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. હાલ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે પાદરા CHC ખસેડાયા છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## રાજકોટ એરપોર્ટમાં સુવિધાઓના અભાવે મુસાફરો ભારે નારાજ

રાજકોટનો નવો એરપોર્ટ આંતરરાષ્ટ્રીય સ્તરના દાવા સાથે ઉભો થયો છે, પરંતુ મુસાફરોનો અનુભવ તેના સંપૂર્ણ વિરુદ્ધ દેખાઈ રહ્યો છે. ઓપરેશનલ વિલંબ દરમિયાન કલાકો ટર્મિનલમાં અટવાયેલા મુસાફરોને મૂળભૂત મોબાઇલ નેટવર્ક પણ ન મળ્યું. વાઈફાઈ સેવા માત્ર ચાર દિવસ ચાલ્યા બાદ બંધ થઈ ગઈ છે, જેના કારણે કોલ, મેસેજ કે ઓનલાઈન બોર્ડિંગ પાસ ડાઉનલોડ કરવું લગભગ અશક્ય બની ગયું છે.

પાણીની અનિયમિત ઉપલબ્ધતા, ગંદકી ધરાવતા વોશરૂમ અને મેન્ટેનન્સના અભાવથી મુસાફરોમાં રોષ ફેલાયો છે. એરલાઇન્સનું કહેવું છે કે અનેક રજૂઆતો છતાં તંત્ર તરફથી સુધારા નથી થયા. 326 કરોડના ખર્ચ પછી પણ નેટવર્ક, વાઈફાઈ અને સ્વચ્છતા જેવી મૂળભૂત સુવિધાઓ ન મળતાં ઇન્ટરનેશનલ ઓપરેશનની ક્ષમતા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

## વડોદરાની અનન્યાએ ટ્રેનમાં લખીને રાજ્ય સન્માન જીત્યું

વડોદરાની દસ વર્ષની અનન્યા રાજપૂતે સાબિત કર્યું છે કે સર્જનાત્મકતા માટે કોઈ મર્યાદા નથી—ચાલતી ટ્રેન પણ તેના માટે પુસ્તક લખવાનો મંચ બની ગઈ. રાષ્ટ્રીય યુવા લેખક મેળો 2025માં તેમના ઓનલાઈન પ્રકાશિત પુસ્તકને રાજ્ય કક્ષાનું સર્ટિફિકેટ મળ્યું છે, જેનાથી નાની ઉંમરે મળેલી મોટી સિદ્ધિ પર શહેર ગૌરવ અનુભવી રહ્યું છે.

NYAF 2025-26, બ્રિબુક્સ અને એજ્યુકેશન વર્લ્ડ દ્વારા આયોજિત વૈશ્વિક સ્તરની ઓનલાઈન પુસ્તક લેખન સ્પર્ધા છે, જેમાં 3 થી 12 ધોરણના વિદ્યાર્થીઓને મફતમાં પોતાનું પુસ્તક લખવાની અને પ્રકાશિત કરવાની તક મળે છે. માર્ગદર્શિત કાર્યક્રમ સાથે સર્ટિફિકેટ અને પુરસ્કારો પણ આપવામાં આવે છે. અનન્યાએ આ પુસ્તક રાજસ્થાનથી વડોદરા પાછા ફરતા પ્રવાસ દરમિયાન પિતાની સલાહનું પાલન કરીને લખ્યું હતું. મોબાઇલથી દૂર રહી તેણે ડિજિટલ નોટપેડ પર 'ભૂમિ ટુ ધ બીચ' નામની વાર્તા રચી, જેમાં બીચના પ્રવાસ માટે ઉત્સુક નાની બાળાની ભાવનાઓ દર્શાવવામાં આવી છે.


આ પુસ્તકને 36 કરતાં વધુ ઓનલાઈન ખરીદદાર મળ્યા છે, જે તેની સર્જનાત્મકતા માટે વધામણીરૂપ છે. અનન્યાની સફળતા અન્ય બાળકો માટે પણ પ્રેરણા બની રહી છે.




## કલ્યાણપુરામાં શિક્ષક શાંતિલાલ પરમારનો ભવ્ય વિદાય સમારંભ

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના કલ્યાણપુરા ગામમાં આજે પ્રાથમિક શાળાના શિક્ષક શાંતિલાલ રમણભાઈ પરમારના વયનિવૃત્તિ પ્રસંગે ગ્રામજનોએ યાદગાર વિદાય સમારંભ યોજ્યો. વર્ષો સુધી શિક્ષક તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપનાર પરમારના સન્માનમાં ગામજનો ધામધૂમથી એકત્ર થયા હતા. પિલોલ ગામના પેટાપુરા-કલ્યાણપુરા વિસ્તારના લોકો ભેગા થઈ પરમારને ભવ્ય વિદાય આપવા સનરૂફવાળી ફોર વ્હીલર અને ડી.જે. સાથે વરઘોડો કાઢ્યો. બાદમાં રામદેવ મહારાજના મંદિરે આરતી-પૂજા કરીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી. સમારંભના અંતે સમગ્ર ગામજનોએ સામૂહિક જમણવારમાં જોડાઈ ઉજવણી કરી. શાંતિલાલ પરમારને શિક્ષણ ક્ષેત્રે લાંબી અને સમર્પિત સેવાઓ બદલ સૌએ આભાર વ્યક્ત કર્યો. ગામજનોનું કહેવું હતું કે તેમણે અનેક વિદ્યાર્થીઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યું છે, જેના કારણે તેમનો વિદાય દિવસ ગામ માટે વિશેષ બની રહ્યો છે.

## વડોદરામાં SIR ગેરરીતિઓ સામે SUCI(C)નું કલેક્ટરને આવેદન




વડોદરા શહેરમાં ચાલી રહેલી SIR પ્રક્રિયામાં ગેરમાર્ગે દોરતી અને નાગરિકો સામે અન્યાયિક કાર્યવાહી થઈ રહી હોવાના આક્ષેપો વચ્ચે સોશિયાલિસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઈન્ડિયા (કમ્યુનિસ્ટ) – SUCI(C) દ્વારા જિલ્લા કલેક્ટરને લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું છે. પાર્ટીના જણાવ્યા મુજબ, અનેક વિસ્તારોમાં BLO દ્વારા નાગરિકોને બળજબરીપૂર્વક SIR–2024 માટે અરજી ભરાવવા દબાણ કરવામાં આવી રહ્યું છે. કેટલાક કિસ્સાઓમાં મતદાર યાદીમાં નામ હોવા છતાં નાગરિકોને અમાન્ય જાહેર કરવામાં આવી રહ્યા છે અને નામ કાપી નાખવાની ચેતવણી આપવામાં આવી રહી છે. ક્યાંક તો 70 જેટલા નાગરિકોના નામ યાદીમાંથી કાઢી નાખ્યાની ગંભીર ફરિયાદો પણ સામે આવી છે. આવેદનમાં એવી પણ દલીલ કરવામાં આવી છે કે 2002ની ઘટનાઓને રેફરન્સ તરીકે લઇ કેટલીક પરિવારોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે, જેનાથી લોકોમાં અનાવશ્યક ભય અને અસુરક્ષા ફેલાઈ રહી છે. SUCI(C) એ આગળ કહ્યું છે કે કેટલાક વિસ્તારોમાં તંત્ર દ્વારા પોલીસ મશીનરીનું ગેરઉપયોગ થતો જોવા મળ્યો છે, જેના કારણે નાગરિકો માનસિક તાણથી ઝૂરી રહ્યા છે. પાર્ટીએ BLOની ગેરરીતિઓ પર રોક મૂકવા, SIR પ્રક્રિયાની નિષ્પક્ષ તપાસ કરવા અને નાગરિકોને ન્યાયપૂર્ણ વર્તન મળવાની ખાતરી કરવા તાત્કાલિક પગલાંની માંગ કરી છે. આવેદન SUCI(C) વડોદરા જિલ્લા સંગઠનિક કમિટીના તપન ધારગુપ્તા દ્વારા કલેક્ટરને સોંપવામાં આવ્યું.

## રાજકોટ મનપાના સ્થાપના દિને સચેત-પરંપરાની રમઝટ, ૧૧ શ્રેષ્ઠીઓ સન્માનિત

રાજકોટ મનપાના સ્થાપના દિને સચેત-પરંપરાની રમઝટ, ૧૧ શ્રેષ્ઠીઓ સન્માનિત

રાજકોટ: રંગીલા રાજકોટના આંગણે મહાનગરપાલિકાના પરમા સ્થાપના દિવસની ઉજવણી યાદગાર બની રહી હતી. રેસકોર્સના ઓપન એર થિયેટરમાં યોજાયેલી ભવ્ય 'બોલિવુડ મ્યુઝિકલ નાઈટ'માં પ્રખ્યાત ગાયક બેલડી સચેત અને પરંપરાએ સુર અને તાલની એવી રમઝટ બોલાવી કે રાજકોટવાસીઓ મન મુકીને ઝૂમી ઉઠ્યા હતા.

શિયાળાની ગુલાબી ઠંડી વચ્ચે સંગીતપ્રેમીઓનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળ્યો હતો. 'શિવ તાંડવ', 'રામ સિયા રામ' અને 'બેખયાલી' જેવા સુપરહિટ ગીતોની પ્રસ્તુતિએ વાતાવરણમાં ગરમાવો લાવી દીધો હતો. કાર્યક્રમમાં ભીડ એટલી હદે ઉમટી પડી હતી કે તમામ વ્યવસ્થાઓ ટૂંકી પડી હતી. સ્થિતિ એવી હતી કે ખુદ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ મોડી રાત સુધી વ્યવસ્થા જાળવવા માટે જહેમત ઉઠાવવી પડી હતી. જોકે, ભારે ભીડને કારણે સર્જાયેલી અવ્યવસ્થાએ તંત્રને ભવિષ્યના આયોજનો માટે બોધપાઠ પણ આપ્યો છે. આ રંગારંગ કાર્યક્રમમાં શહેરના વિકાસમાં અને વિવિધ ક્ષેત્રોમાં મહત્વનું યોગદાન આપનારા ૧૧ વિશિષ્ટ નાગરિકોનું 'મેયર એવોર્ડ'થી બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ પરસોતમભાઈ રૂપાલાએ મનપાની વિકાસયાત્રાને બિરદાવી હતી, જ્યારે મેયર નયનાબેન પેઢડીયાએ પર વર્ષની સફરને માત્ર આંકડો નહીં પણ પેઢીઓ દ્વારા સર્જાયેલો વારસો ગણાવ્યો હતો. રાજકીય અગ્રણીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલો આ કાર્યક્રમ ગીત-સંગીત અને સન્માનનો ત્રિવેણી સંગમ બની રહ્યો હતો.



## રાજકોટમાં પહેલીવાર ભવ્ય એર-શોનું આયોજન

રાજકોટના ઇતિહાસમાં પ્રથમ વખત એરફોર્સના વિમાનો સાથેનો વિશાળ એર-શો યોજાવાનો છે. મહાનગરપાલિકા દ્વારા 7 ડિસેમ્બરે અટલ સરોવર વિસ્તારમાં આ કાર્યક્રમ યોજાશે. મ્યુનિ. કમિશનર તુષાર સુમેરાએ કેન્દ્ર સરકાર સાથે સંકલન કરી મંજૂરી પ્રાપ્ત કરી હોવાનું જાણવા મળે છે. દેશના મોટા શહેરોમાં આવા શો થતો હોય છે, પરંતુ રાજકોટમાં આ પહેલું આયોજન છે. કુશળ પાયલોટોની ટીમ સાહસિક પ્રદર્શન કરશે. સત્તાવાર જાહેરાતની રાહ જોવામાં આવી રહી છે, પરંતુ આયોજનને લઈને શહેરમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વધતી ઠંડી, તાપમાન 12–15 ડિગ્રી

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ સ્થિર રહી રહ્યું છે અને અનેક શહેરોમાં લઘુતમ તાપમાન 15 ડિગ્રીથી નીચે નોંધાયું છે. રાજકોટ, અમરેલી અને જુનાગઢમાં 12 ડિગ્રી, જામનગર–પોરબંદર–ડીસામાં 13, વડોદરા–ભુજમાં 14 અને અમદાવાદ–ભાવનગર–દિવમાં 15 ડિગ્રી તાપમાન નોંધાયું. ગિરનાર પર સતત ત્રીજા દિવસે 7 ડિગ્રીનો પારો નોંધાતા પ્રવાસીઓ અને વન્યજીવન પર ઠંડીનો પ્રભાવ જોવા મળ્યો. જામનગર અને ભાવનગર સહિતના વિસ્તારોમાં પવન સાથે ઠંડી વધતા ગરમ વસ્ત્રોની માંગમાં વધારો થયો છે.

## આમ્રપાલી અન્ડરબ્રિજમાં પાણી સમસ્યાએ વધારી સમસ્યા

રાજકોટ મહાપાલિકાની 52મી વર્ષગાંઠે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, પરંતુ શહેરના અમુક વિસ્તારોમાં સમસ્યાઓ યથાવત છે. આમ્રપાલી અન્ડરબ્રિજમાં લાંબા સમયથી દિવાલવાટે પાણી રસ્તા પર વહેતું રહે છે, જેના કારણે વાહન સ્લિપ થવાના બનાવો વધી રહ્યા છે. દૂર્ગંધ અને ગંદકીથી સ્થાનિકો પરેશાન છે. રેલનગર અન્ડરબ્રિજ જેવી જ સ્થિતિ અહીં પણ જોવા મળે છે. પાનની પીચકારી અને અસ્વચ્છતા વચ્ચે તંત્રની અવગણના લોકોને ખટકી રહી છે. શહેરીજનો અને તંત્ર બંને તરફથી સ્વચ્છતા માટે ગંભીરતા જરૂરી બની છે.

## ગુજરાતમાં SIR કામગીરી ધીમી, રાજકોટ આગળની પંક્તિએ

ગુજરાતમાં ચૂંટણી પંચની સ્પેશિયલ ઈન્સેન્ટિવ રિવિઝન (SIR) પ્રક્રિયા 4 નવેમ્બરથી 4 ડિસેમ્બર સુધી ચાલે છે, જેમાં મતદારોને એન્યુમરેશન ફોર્મનું વિતરણ પૂર્ણ થઈ ગયું છે. જોકે ફોર્મ પરત મેળવી તેને ડિજિટાઇઝ કરવાની કામગીરી અનેક મહાનગરોમાં ધીમી ચાલતી હોવાનો મુદ્દો સામે આવ્યો છે. રાજ્યના 5.08 કરોડ મતદારોમાંથી હાલમાં માત્ર 13.75 ટકા ફોર્મનું જ ડિજિટાઇઝેશન પૂર્ણ થયું છે. ખાસ કરીને સુરતમાં 14 દિવસમાં ફક્ત 5.06 ટકાની પ્રગતિ થતાં ચૂંટણી પંચે સમીક્ષા બેઠકમાં અમદાવાદ, વડોદરા, સુરત અને ગાંધીનગર સહિતના મહાનગરોના જિલ્લા કલેક્ટરોને કડક ચેતવણી આપી હતી કે કામગીરી સુધરે નહીં તો બદલી સહિતની કાર્યવાહી થઈ શકે છે.

બીજી તરફ રાજકોટ જિલ્લામાં કામગીરી વધુ સકારાત્મક રહી છે. કુલ 23.91 લાખ મતદારોમાંથી 99.72 ટકા લોકોને ફોર્મ વિતરણ થયાં છે, જ્યારે 5.27 લાખ ફોર્મ પરત મેળવી 22.05 ટકા ડિજિટાઇઝેશન પૂર્ણ થયું છે. જસદણ બેઠક રાજ્યમાં સૌથી ઊંચી કામગીરી ધરાવે છે.

અભિયાનમાં અત્યાર સુધી 1,42,930 મતદારોના મૃત્યુ નોંધાયા છે અને 14,252 મતદારો અન્યત્ર નોંધાયેલા મળી આવ્યા છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરામાં માનવદિન કર્મચારીઓએ રોજીંદારીમાં સામેલ કરવાની માંગ કરી

વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગમાં માનવદિન આધારિત ઓપરેટર અને મજૂર કર્મચારીઓએ પોતાની નોકરીને રોજીંદારીમાં ફેરવવાની માંગ સાથે રજૂઆત કરી છે. વર્ષોથી જરૂરી સેવાઓ નિષ્ઠાપૂર્વક સંભાળવા છતાં તેઓને માત્ર 8–10 હજાર રૂપિયા જેટલો અલ્પ પગાર મળે છે, જે હાલની મોંઘવારી સામે અપૂરતો હોવાનું કર્મચારીઓનું કહેવું છે.

રાજ્ય સરકારે ફિક્સ-પે કર્મચારીઓને 30% વધારો અને પાંચ વર્ષ બાદ કાયમી કરવાની નીતિ અમલમાં મૂકી છે, જ્યારે માનવદિન કર્મચારીઓ વર્ષોથી અવગણના અનુભવી રહ્યા છે. તેમની ઉંમર વધી જતા બીજી નોકરી મેળવવી પણ મુશ્કેલ બની ગઈ છે.

આ સંજોગોને ધ્યાનમાં લઈ કર્મચારીઓએ પાલિકાને વિનંતી કરી છે કે તેમની સેવાઓને રોજીંદારી આધારે માન્યતા આપી, સ્થિર પગાર સાથે તેમની રોજગારી સુરક્ષિત કરવામાં આવે.

# શિનોર: તાંત્રિક વિધિથી ૩૦ લાખની ઠગાઈ, ASI સહિત ૭ ઝડપાયા

વડોદરા ગ્રામ્યમાં 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત પોલીસે અંધશ્રદ્ધા અને કાળા જાદુના નામે લોકોની મૂડી લૂંટતી ટોળકી પર મોટી તવાઈ બોલાવી છે. શિનોર પોલીસે તાંત્રિક વિધિથી 'એકના ડબલ' કરવાની લાલચ આપીને બોડેલીના વેપારી સાથે થયેલી ૩૦ લાખની છેતરપિંડીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. આ તપાસમાં પોલીસ ખાખીને શર્મસાર કરતી ચોંકાવનારી હકીકત સામે આવી છે. છેતરપિંડી આચરતી આ ટોળકીમાં શિનોર પોલીસ સ્ટેશનના જ ASI કંચનભાઈ રાઠવા પણ ભાગીદાર હતા, જેઓ હાલ પોલીસ લાઈનમાં જ રહેતા હતા. બનાવની વિગત મુજબ, ફરિયાદી નિલેશકુમાર અગ્રવાલે ચમત્કારની આશામાં ૩૦ લાખ રૂપિયા ગુમાવ્યા હતા. શિનોર પી.આઈ. બી.એન. ગોહિલની ટીમે તપાસ કરતા મુખ્ય સૂત્રધાર અયુબમીયાનો ભાંડો ફૂટ્યો હતો. અયુબમીયા મુસ્લિમ હોવા છતાં 'ગોપીનાથ બાપુ' બનીને સાધુના વેશમાં ફરતો હતો અને તેની પાસેથી હિન્દુ નામનું બોગસ આધારકાર્ડ પણ મળી આવ્યું છે. પોલીસ પકડથી બચવા તેણે પોતાનું સીમકાર્ડ પણ તોડી નાખ્યું હતું. પોલીસે ASI કંચનભાઈ, નકલી બાપુ અને અન્ય સાગરીતો સહિત કુલ ૭ આરોપીઓની ધરપકડ કરી છે. સૌથી મહત્વની વાત એ છે કે પોલીસે આરોપીઓ પાસેથી રોકડા ૩૦ લાખ ૩ હજાર રૂપિયા અને વાહનો સહિત કુલ ૩૦.૬૮ લાખનો પૂરેપૂરો મુદ્દામાલ રિકવર કરી લીધો છે. એક તરફ ઉચ્ચ અધિકારીઓ અંધશ્રદ્ધા નાબૂદ કરવા મથામણ કરી રહ્યા છે, ત્યારે પોલીસ વિભાગનો જ કર્મચારી આવી ટોળકી સાથે મળીને ગુનો આચરતો હોવાની ઘટનાએ સમગ્ર પંથકમાં ભારે ચકચાર જગાવી છે.




## રાજકોટને ભેટ: મુખ્યમંત્રી ૫૪૫ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરશે



રાજકોટ શહેરના માળખાકીય વિકાસને નવો વેગ આપવા માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ શુક્રવારે એટલે કે તારીખ ૨૨મીના રોજ રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે. સવારે ૧૧ કલાકે રૈયા રોડ સ્થિત પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે યોજાનારા એક ભવ્ય સમારોહમાં મુખ્યમંત્રીના હસ્તે કુલ રૂ. ૫૪૫.૦૭ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.

આ મેગા ઈવેન્ટમાં શહેરને રૂ. ૫૨૨.૫૦ કરોડના ખર્ચે તૈયાર થનારા ૪૯ નવા કામોનું ખાતમુહૂર્ત અને રૂ. ૨૨.૫૭ કરોડના ૬ પૂર્ણ થયેલા કામોનું લોકાર્પણ મળશે. આ સાથે જ પોતાના ઘરનું સ્વપ્ન જોતા ૭૦૯ લાભાર્થીઓ માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો પણ યોજાશે.

મુખ્ય કાર્યક્રમ પૂર્વે સવારે ૧૦:૩૦ કલાકે રેસકોર્સની આર્ટ ગેલેરીમાં 'રાજકોટ શહેરી વિકાસ યાત્રા' પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવશે, જેમાં છેલ્લા ૨૦ વર્ષની શહેરની પ્રગતિ અને ભવિષ્યની ઝલક નિહાળી શકાશે. આ ઉપરાંત ડિજિટલ પહેલના ભાગરૂપે ક્યુઆર બેઝડ ફીડબેક સિસ્ટમ અને કોફી ટેબલ બુકનું વિમોચન પણ થશે. આ પ્રસંગે રાજ્યના મંત્રીઓ, સાંસદો અને મનપાના પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

## મુંબઈ રનવે રિપેરિંગ: રાજકોટની ૩ ફ્લાઈટ રદ

રાજકોટ-મુંબઈ હવાઈ સેવાને બ્રેક: રનવે રિપેરિંગના કારણે આજે ત્રણ ફ્લાઈટ કેન્સલ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ એરપોર્ટ પર આજે રનવેના મેન્ટેનન્સ કામને પગલે રાજકોટ કનેક્ટિવિટી પર અસર પડી છે. આજે સવારે ૧૧ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી મુંબઈ એરપોર્ટના રનવે બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. જેના પરિણામે રાજકોટ-મુંબઈ રૂટની ઈન્ડિગોની બે અને એર ઈન્ડિયાની એક ફ્લાઈટ રદ કરવામાં આવી છે. જોકે, એરલાઈન્સ દ્વારા મુસાફરોને અગાઉથી જ જાણ કરી દેવામાં આવી હોવાથી એરપોર્ટ પર કોઈ હોબાળો કે હાલાકી જોવા મળી ન હતી.

## રાજકોટમાં ટેકાના ભાવે 4.87 લાખ ક્વિન્ટલ મગફળી ખરીદી

રાજકોટ જીલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી 9 નવેમ્બરથી શરૂ થઈ છે. જીલ્લા કલેક્ટર ડૉ. ઓમપ્રકાશ મુજબ, અત્યાર સુધી 20,800 ખેડૂતો પાસેથી 4.87 લાખ ક્વિન્ટલ મગફળીની ખરીદી કરી રૂ. 3.53 કરોડની ચુકવણી થઈ છે. જીલ્લાના 33 કેન્દ્રો પર ચલાતી ખરીદી માટે 1.77 લાખ ખેડૂતો રજીસ્ટર્ડ છે. મણદીઠ ટેકાનો ભાવ રૂ. 1356 છે, જ્યારે ઓપન માર્કેટમાં 1100–1200 રૂપિયા મળતા ખેડૂતો ટેકાના ભાવે વેચાણને પ્રાથમિકતા આપી રહ્યા છે. સરકાર દ્વારા મગફળી સાથે સોયાબીન, અડદ અને મગની ખરીદી પણ ટેકાના ભાવે થઈ રહી છે.

## રેશન સર્વર ફરી ઠપ્પ, વેપારીઓ–લાભાર્થીઓની મુશ્કેલી વધી

રાજકોટ સહિત રાજ્યમાં રેશન સર્વર વારંવાર બંધ થવાથી વેપારીઓ અને રાશનકાર્ડ ધારકોની મુશ્કેલી વધી છે. છેલ્લા બે દિવસથી સર્વર ક્યારેક પૂરેપૂરું બંધ તો ક્યારેક ધીમું થઈ જાય છે, જેના કારણે કતારો વધી રહી છે. શિયાળામાં આંગળીઓની રેખાઓ સ્પષ્ટ ન રહેતી હોઈ બાયોમેટ્રિક ડિવાઇસ વારંવાર ફિંગરપ્રિન્ટ કેપ્ચર કરવામાં નિષ્ફળ જાય છે. વેપારીઓનું કહેવું છે કે OTP સિસ્ટમ હાજર હોવા છતાં તેનો ઉપયોગ કરવાની મંજૂરી ન મળતા, બે વાર ફિંગરપ્રિન્ટ લેવાની ફરજ પડે છે, જેનાથી કામ વધુ ધીમું પડી રહ્યું છે.

## મોંઘવારી: શાકભાજીના ભાવ આસમાને, બજેટ ખોરવાયું

શિયાળાની શરૂઆત થતાં જ સ્વાસ્થ્યવર્ધક લીલા શાકભાજી ખાવાની આશા રાખતા નાગરિકોને મોંઘવારીનો સામનો કરવો પડી રહ્યો છે. એક મહિના પહેલા થયેલા કમોસમી વરસાદે ખેડૂતોનો ઉભો પાક નિષ્ફળ બનાવતા તેની સીધી અસર બજાર ભાવ પર જોવા મળી રહી છે. હાલ યાર્ડમાં લોકલ શાકભાજીની આવક તળિયે બેસી ગઈ છે, જેના કારણે ભાવ આસમાને પહોંચ્યા છે.

વેપારીઓને માંગ પૂરી કરવા માટે બહારના રાજ્યો પર નિર્ભર રહેવું પડ્યું છે. હાલ મહારાષ્ટ્રથી મરચાં અને ટામેટા, કર્ણાટકથી ભીંડો અને મધ્યપ્રદેશથી વટાણાની આવક થઈ રહી છે. બહારથી આવતા શાકભાજી પર ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધતા અને બગાડ થતા ભાવ ઊંચા જઈ રહ્યા છે. બજારમાં ગુવાર, ભીંડો અને વટાણા ૧૦૦ થી ૧૨૦ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહ્યા છે. લીલું લસણ પણ ૯૨ થી ૧૨૧ રૂપિયાના ભાવે મળી રહ્યું છે. માત્ર કોબીજ ૧૦ થી ૨૦ રૂપિયાના રાહત દરે ઉપલબ્ધ છે.

શિયાળામાં ગુજરાતીઓના ઘરે બનતું ઊંધિયું પણ હવે મોંઘું થયું છે. ગૃહિણીઓનું બજેટ વેરવિખેર થઈ ગયું છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, હાલ વાતાવરણ સાફ થતા નવેસરથી વાવેતર શરૂ થયું છે, પરંતુ આ નવો અને સારી ગુણવત્તાનો લોકલ પાક બજારમાં આવતા હજુ ૧૫ થી ૨૦ દિવસનો સમય લાગશે. ત્યાં સુધી સામાન્ય જનતાને મોંઘા ભાવે શાકભાજી ખરીદવા મજબૂર થવું પડશે. લોકલ આવક શરૂ થયા બાદ જ ભાવમાં ઘટાડો થવાની શક્યતા છે



## રાજકોટ–અમદાવાદમાં પ્રદૂષણ ઉછળ્યું, એર ક્વોલિટી 200ની નજીક

**પાટનગર** દિલ્હીની જેમ હવે ગુજરાતના મુખ્ય શહેરો પણ ભારે પ્રદૂષણના દોરમાં આવી રહ્યા છે. રાજકોટ અને અમદાવાદમાં હવાના પ્રદૂષણનો સ્તર છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ નોંધાયો છે, જે નિષ્ણાંતો અને તબીબોમાં ચિંતા વધારી રહ્યો છે. માહિતી મુજબ, રાજકોટમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 197 અને અમદાવાદમાં 194 નોંધાયો છે. બંને શહેરોમાં AQI 200ની નજીક પહોંચતા હવાની ગુણવત્તા ગંભીર સ્તરે પહોંચી હોવાનું ગણવામાં આવી રહ્યું છે. દિવાળીના દિવસોથી હવામાં પ્રદૂષણની માત્રા 180 આસપાસ રહી હતી, પરંતુ હવે એ વધીને લગભગ અસ્વસ્થ શ્રેણીમાં પ્રવેશી છે. તબીબોના કહેવા પ્રમાણે, હવામાં માઇક્રો પૉલ્યુટન્ટ્સની માત્રા બાળકો અને શ્વાસરોગ ધરાવતા લોકોને ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. આવા લોકો માટે વહેલી સવારે અને રાત્રે બહાર નિકળવાનું ટાળવું, માસ્કનો ઉપયોગ કરવો અને જરૂરી હોય તો ઘરમાં એર પ્યુરિફાયરનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે. પ્રદૂષણના વધતા પ્રભાવને કારણે આંખોમાં ઈરિટેશન, ગળામાં ખરાશ, ખાંસી, છાતીમાં ભારણ અને શ્વાસ લેવામાં તકલીફ જેવા લક્ષણોમાં વધારો જોવા મળી રહ્યો છે. નિષ્ણાતોનું માનવું છે કે વાહનવ્યવહાર, ધૂળ, બાંધકામ કામગીરી અને ઋતુજન્ય ફેરફારો પ્રદૂષણ વધારવાના મુખ્ય કારણો છે. હવામાન વિભાગ અને તબીબોએ લોકોને જરૂરી સાવચેતી રાખીને સ્વાસ્થ્ય સુરક્ષિત રાખવા અનુરોધ કર્યો છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## જામનગરમાં સિપાઈ સમાજનો રાજ્યસ્તરીય સન્માન સમારોહ

સિપાઈ સમાજ ટ્રસ્ટ ગુજરાત દ્વારા દર વર્ષે યોજાતો રાજ્યસ્તરીય સન્માન સમારોહ આ વર્ષે જામનગર ખાતે 23 નવેમ્બર 2025ના રોજ યોજાશે. ટાઉનહોલમાં બપોરે 1 થી 4.30 દરમિયાન થનારા આ સાતમા સન્માન સમારોહમાં ધોરણ 8થી સ્નાતક તથા અનુસ્નાતક સુધી ઉત્તમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને મોમેન્ટો અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે. ઉપરાંત, છેલ્લા વર્ષ દરમિયાન સરકારી નોકરી મેળવનાર સમાજના યુવાઓ, દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને રમતગમત-સાંસ્કૃતિક ક્ષેત્રે જીલ્લા, રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ મેળવનાર પ્રતિભાઓને પણ વિશેષ ગિફ્ટ સાથે સન્માન આપવામાં આવશે. બહારગામથી આવતા મહેમાનો માટે જમણની વ્યવસ્થા રાખવામાં આવી છે. સિપાઈ સમાજ ટ્રસ્ટ છેલ્લા દસ વર્ષથી સ્કોલરશીપ, મેડિકલ કેમ્પ અને સામાજિક કલ્યાણના વિવિધ કાર્યો દ્વારા સમાજ upliftમાં યોગદાન આપી રહ્યું છે

## વડોદરામાં ગોધરાના ક્રિકેટ સટ્ટા કેસનો સવા વર્ષથી ફરાર આરોપી પકડાયો

પંચમહાલના ગોધરામાં વર્ષ 2024માં નોંધાયેલા ક્રિકેટ સટ્ટાના કેસમાં મુખ્ય આરોપી ગણાતા પલ્કેશ ઉર્ફે પલ્લી ધામેચાને વડોદરાના વારસીયા વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. ગોધરા એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ક્રિકેટ સટ્ટા અને જુગાર સંબંધિત કેસ નોંધાયા બાદ પલ્કેશ લાંબા સમયથી નાસતો ફરતો હતો અને વધુ એક વર્ષથી પોતાની ઓળખ છુપાવી સતત સ્થળ બદલતો રહ્યો હતો. શહેરમાં ફરાર આરોપીઓને શોધવા માટે ચાલતી કામગીરી દરમિયાન વારસીયા વિસ્તાર નજીક બાતમી મળી કે પલ્કેશ ધોબી તળાવની ઢાળ પાસે જોવા મળ્યો છે. મળેલી માહિતીના આધારે સંબંધિત ટીમ સ્થળે પહોંચી અને ચોક્કસ ઓળખ કર્યા બાદ તેને શાંતિપૂર્ણ રીતે કાબૂમાં લીધો. પ્રારંભિક પૂછપરછમાં પલ્કેશે કેસ સાથે પોતાની સંડોવણી સ્વીકારી હોવાની માહિતી સામે આવી છે.



હવે તેની અટકાયત બાદ આગળની કાયદાકીય પ્રક્રિયાઓ શરૂ કરવામાં આવી છે. મૂળ કેસ ગોધરામાં નોંધાયેલો હોવાથી જરૂરી દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ગોધરા ટીમ તેને કબજા માટે વડોદરા પહોંચશે. આ કાર્યવાહીથી ગોધરામાં નોંધાયેલા ક્રિકેટ સટ્ટાના જૂના કેસમાં મહત્વપૂર્ણ પ્રગતિ નોંધાઈ છે અને સ્થાનિક સ્તરે ચાલતા આવા ગેરકાયદેસર સટ્ટા રેકેટ અંગે ચર્ચા ફરી તેજ થઈ છે. સમાજમાં આવા પ્રકરણો પર નિયંત્રણ અને સજાગતા વધારવાની જરૂરિયાત સંબંધિત વર્તુળોમાં વ્યક્ત થઈ રહી છે.

## વાડી વિસ્તારમાં ઝોન–3 દ્વારા દસ્તાવેજ ચકાસણી અભિયાન

વડોદરાના ઝોન–3 દ્વારા આજે વાડી વિસ્તારમાં દસ્તાવેજ ચકાસણી માટે વિશેષ કોમ્બિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું. આ દરમિયાન ઝોનના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમે વિસ્તારના દુકાનદારો, સ્થાનિક રહેવાસીઓ અને વાહનચાલકોના જરૂરી દસ્તાવેજોની વિગતવાર તપાસ કરી. અભિયાન હેઠળ દુકાનદારોના માલિકીના પુરાવા, ભાડાના કરાર, પરમિશન સંબંધિત દસ્તાવેજો તથા વ્યવસાયિક વિગતોની ચકાસણી કરવામાં આવી હતી. ભાડે ચાલતી દુકાનોમાં કાનૂની દસ્તાવેજો રાખવામાં આવ્યા છે કે નહીં તે પણ તપાસવામાં આવ્યું. તે ઉપરાંત રસ્તા પર ચાલતા વાહનોની જરૂરી કાગળીઓ—જેમ કે લાઈસન્સ, RC બુક અને ઈન્સ્યોરન્સની પણ તપાસ કરવામાં આવી. આ અભિયાનનું મુખ્ય ઉદ્દેશ્ય વિસ્તારમાં વ્યવસ્થા મજબૂત કરવી, બિનધારાશ્રિત પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવું અને સુરક્ષા બાબતે જરૂરી માહિતી એકત્ર કરવી હતું. સ્થાનીકો મુજબ, દસ્તાવેજ ચકાસણીની આ કાર્યવાહીથી વિસ્તારની વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બનશે એવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

**રીપોર્ટર: મહેન્દ્ર સોલંકી, વડોદરા**



## પ્રોહિબિશન દરમિયાન વડોદરામાં અનેક કેસ નોંધાયા

વડોદરા શહેરમાં 19 નવેમ્બર 2025ના રોજ પ્રોહિબિશન સંબંધિત લગભગ 32 કેસ નોંધાયા હતા. વિવિધ વિસ્તારોમાંથી દેશી દારૂના 14 લિટર અને વિદેશી દારૂની 24 બોટલ તેમજ 50 ક્વાર્ટર મળી કુલ રૂ. 25,200નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો. શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી પીધેલા સ્થિતિમાં 26 વ્યક્તિઓ સહિત કુલ 32 લોકોની અટકાયત નોંધાઈ. શહેરમાં દારૂની ગેરકાયદેસર હેરફેર અને સેવન સામે કાર્યવાહી ચાલુ છે.

## ગુજરાતમાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનો પ્રારંભ

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં ‘જન આક્રોશ યાત્રા’નું પ્રથમ ચરણ 21 નવેમ્બરથી શરૂ થશે. મહામંત્રી મુકુલ વાસનિક, જીપીસી પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષ નેતા ડો. તુષાર ચૌધરી અને અન્ય આગેવાનોની ઉપસ્થિતિમાં યાત્રાનું પ્રસ્થાન ઢીમાથી થશે. 1100 કિ.મી.ના આ પ્રવાસ દરમિયાન ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં જનસભાઓ યોજાશે અને જનતાના પ્રશ્નો–તકલીફો સાંભળવામાં આવશે. યાત્રાના પ્રથમ દિવસે ઢીમા, લાખણી, થરાદ, લાલપુર અને અન્ય વિસ્તારોમાં સ્વાગત કાર્યક્રમ

## છાણીમાં આંગડિયા વિવાદે અપહરણ અને દબાણનો ગંભીર કેસ

છાણી પોલીસ સ્ટેશનમાં દાખલ ફરિયાદ મુજબ આંગડિયા નાણાં ટ્રાન્સફર સંબંધિત વિવાદ બાદ યુવકનું અપહરણ કરી દબાણ કરાયું હતું. યુએસએના કેલિફોર્નિયામાં પીકઅપ થયેલા 91,000 ડોલર ગંતવ્ય સુધી ન પહોંચતાં વિવાદ ઊભો થયો હતો. ફરિયાદી અનુસાર, હર્ષિલ રબારી અને તેના સાથીઓએ મળીને રૂ. 27 લાખ પડાવી લીધા હતા. બાદમાં સાયલા નજીકના બંધ ટોલ નાકા પર લઈ જઈ બળજબરીથી લખાણ લેવડાવાયું અને મોબાઈલ–વોચ લૂંટી લેવાઈ. 10 નવેમ્બરે વધુ રૂ. 10 લાખની માંગણી પણ કરવામાં આવી હતી. કેસ 19 નવેમ્બરે નોંધાયો છે.

## ટીંટોઇ રૂટ પર એસ.ટી બસોની અછતથી વિદ્યાર્થીઓ નારાજ

અરવલ્લી જિલ્લાના ટીંટોઇ ગામ અને તેની આસપાસના વિસ્તારોમાં એસ.ટી બસોની અછત અત્યંત ગંભીર બની ગઈ છે. ટીંટોઇ–મોડાસા–શામળાજી રૂટ પર દરરોજ મોટી સંખ્યામાં સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો મુસાફરી કરે છે. પરંતુ બસોની ઉણપ, સમયસર સફર ન મળી શકાય અને ઘણીવાર સ્ટોપ છોડીને જતા વાહનોને કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે 50–60 સીટ ક્ષમતા ધરાવતી બસોમાં 100થી વધુ મુસાફરો ભરાતા “મોતની સવારી” જેવી સ્થિતિ સર્જાય છે. ઘણીવાર આગળના સ્ટોપેથી ભરેલી બસો ટીંટોઇ સ્ટેન્ડ પર રોકાતી પણ નથી, જેના કારણે વિદ્યાર્થીઓ સ્કૂલ-કોલેજ સમયસર પહોંચી શકતા નથી અને હાજરી અસરગ્રસ્ત થાય છે.

સાંજના સમયે પાછા આવવા માટે બસોની સગવડ ન હોવાથી બહેન–દીકરીઓને અંધારામાં મોડાસા હાઇવે પર લાંબા સમય સુધી રાહ જોવી પડે છે. શિયાળાની ઋતુમાં વહેલો અંધારો પડવાથી સુરક્ષા અંગે ચિંતા વધારાઈ છે. પાસ હોવા છતાં વિદ્યાર્થીઓને ખાનગી વાહનોના વધારાના ભાડા આપવા મજબૂર થવું પડે છે. આ મુદ્દે મોડાસા એસ.ટી ડેપો મેનેજરને રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે સ્પષ્ટ જવાબ મળી રહ્યો નથી અને સમસ્યા યથાવત છે. જો ટૂંક સમયમાં બસોની સંખ્યા ન વધારવામાં આવે તો વિદ્યાર્થીઓએ ગામમાં આંદોલન શરૂ કરવાની ચેતવણી આપી છે. ગ્રામજનોની માંગ છે કે ટીંટોઇ રૂટને આવશ્યક પ્રાથમિકતા આપી તાત્કાલિક બસો વધારવામાં આવે.

**ટીંટોઇ રૂટ પર એસ.ટી બસોની ઉણપથી વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં રોષ, સમયસર બસ ન મળતાં ભારે હાલાકી**



## વડોદરા બસ સ્ટેશન પર મહિલાના દાગીના ચોરાયા

વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેશનના પ્લેટફોર્મ નં. 15 પર ભીડ દરમિયાન મહિલાના પર્સમાંથી રૂ. 2.5 લાખના સોનાના દાગીના ચોરી ગયાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદ મુજબ, 19 ઑક્ટોબર 2025ની સવારે દંપતી ગોધરા જતી બસમાં ચડી રહ્યું હતું ત્યારે અજાણ્યા વ્યક્તિએ પર્સની ચેઇન ખોલીને દાગીના ચોરી લીધા. ફરિયાદી પ્રેમરાજસિંહ પુવારએ ઘટના અંગે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં 19 નવેમ્બરે ફરિયાદ નોંધાવી. કેસની તપાસ સંબંધિત અધિકારીઓ દ્વારા શરૂ કરવામાં આવી છે.

## સિંગાપુર વિઝાના બહાને યુવાને 8.25 લાખની છેતરપીંડી

માંજલપુર વિસ્તારમાં સિંગાપુર વર્ક પરમિટના બહાને થયેલી છેતરપીંડીનો એક ગંભીર કેસ સામે આવ્યો છે. વલસાડની રહેવાસી યુવતી દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી મિલીનકુમાર ઇન્દ્રવદનભાઈ પટેલે 6 ડિસેમ્બર 2024થી “શિવાય ઓવરસીઝ” ઓફિસમાં મળીને વિદેશી નોકરી અપાવવાનું કહી કુલ રૂ. 9,80,000 લીધા હતા. રકમ ગૂગલ પે, આંગડિયા અને રોકડ દ્વારા લેવામાં આવી હતી. વિશ્વાસ વધારવા શરૂઆતમાં રૂ. 1,55,000 પરત કરવામાં આવ્યા, પરંતુ બાકીના રૂ. 8,25,000 પરત ન કર્યા અને કોઈ વિઝા પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી નહોતી. યુવતીને છેતરાતાનો અહેસાસ થતા 19 નવેમ્બર 2025ના રોજ સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી. વિદેશી નોકરીના લાલચમાં આવી એવા લોકો સાથે છેતરપીંડીના કેસો વધી રહ્યા હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## લોનકોટડા આરોગ્ય મંદિરનું ઉદ્ઘાટન, ધારાસભ્ય હાજર

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના લોનકોટડા ગામે આજે નવા આરોગ્ય મંદિરનું શુભ મુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના હસ્તે કરવામાં આવ્યું. ગામમાં આરોગ્ય સુવિધાઓને વધુ મજબૂત કરવા માટે શરૂ કરાયેલા આ આરોગ્ય મંદિરથી સ્થાનિક નાગરિકોને પ્રાથમિક સારવાર, માર્ગદર્શન અને નિયમિત ચેકઅપ જેવી સેવાઓ સરળતાથી પ્રાપ્ત થશે. કાર્યક્રમમાં બાબરા મહામંત્રી હિતેશભાઈ, ભાજપ પ્રમુખ બાબુભાઈ રામાણી, લોનકોટડા ગ્રામ પંચાયતના સરપંચ ગોવિંદભાઈ તથા ગામના વડીલો, આગેવાનો અને ગ્રામજનો હાજર રહ્યા. ઉદ્ઘાટન પ્રસંગે આરોગ્ય સેવાઓના વિસ્તરણ સાથે ગામના વિકાસ માટે વધુ પ્રયત્નો કરવાની વાત પણ જવાબદારોએ કરી. ગ્રામજનોમાં આ નવા પ્રોજેક્ટ અંગે ઉત્સાહ જોવા મળ્યો છે અને ઘણા લોકોએ આ સુવિધાને ગામ માટે સમયોચિત ગણાવીને સ્વાગત કર્યો.

## સોનગઢના ટાપરવાડામાં નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ટાપરવાડા ગામે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ–તાપી સંચાલિત નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ સમારોહ વિધિવત્ રીતે યોજાયો. ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ સુવિધાઓને વધુ સશક્ત બનાવવાના હેતુથી તૈયાર કરાયેલી આ નવી શાળાનું ઉદ્ઘાટન જિલ્લાપંચાયત પ્રમુખ જાલમસિંગ વસાવા, ભૂતપૂર્વ પ્રમુખ સુરજભાઈ વસાવા અને પદ્મશ્રી રમીલાબેન ગામીતની વિશેષ હાજરીમાં કરવામાં આવ્યું.


ગ્રામ પંચાયતના સરપંચ એલિશાબેન એ. ગામીત તથા ઉપસરપંચ સુરેશભાઈ ગામીતે શાળાના વિકાસ માટે સ્થાનિક સ્તરે વધુ સહકાર આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. શિક્ષણ વિભાગના અધિકારીઓ, ભૂતપૂર્વ આચાર્ય રામજીભાઈ પટેલ અને મહિપાલ વાળા સાહેબની પણ નોંધપાત્ર હાજરી રહી, જેમણે નવી શાળા બિલ્ડિંગ અને સુવિધાઓનું નિરીક્ષણ કરીને પ્રશંસા વ્યક્ત કરી.



લોકાર્પણ સાથે જ શાળાના સ્થાપના દિવસની ઉજવણી પણ કરવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓએ લોકનૃત્ય, ગીત-રંગભૂમિ અને સાંસ્કૃતિક કાર્યક્રમોની સુંદર રજૂઆત કરી. આ કાર્યક્રમને વાલીગણ અને ગામજનોનો વિશાળ પ્રતિસાદ મળ્યો હતો.

ટાપરવાડા ગામમાં નવી શાળાની શરૂઆતને કારણે બાળકો માટે ગુણવત્તાસભર શિક્ષણની તકો વધશે અને સ્થાનિક પરિવારોને પણ સીધી મદદ મળશે. કાર્યક્રમ દરમિયાન અનેક વાલીઓએ આ નવી શરૂઆતને ગામના વિકાસ માટે મહત્વપૂર્ણ ગણાવી.

## મોડાસામાં તસ્કરોની ખુલ્લી ચેલેન્જ: પત્રકારના ઘર બહારથી બાઈક ઉઠાવી ગયા



**મોડાસા ક્રાઈમ:** સુરક્ષા રામભરોસે? પત્રકાર સલીમ પટેલનું બાઈક ઘર આંગણેથી ગાયબ મોડાસા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ફરી એકવાર સવાલો ઉભા થયા છે. સામાન્ય નાગરિકો બાદ હવે કલમ અને કેમેરા સાથે કામ કરતા પત્રકારો પણ સુરક્ષિત નથી. ઘટનાની વિગત એવી છે કે, મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ભેરૂન્ડા રોડ પરની મન્નત પાર્ક સોસાયટીમાં પત્રકાર સલીમભાઈ પટેલ રહે છે.

### મોડાસામાં તસ્કરોનો તરખાટ: પત્રકારના ઘર આંગણેથી બાઈક ચોરાયું

તેમણે પોતાનું TVS-Radeon બાઈક (GJ-31-K-7693) રાબેતા મુજબ ઘરની બહાર પાર્ક કર્યું હતું. દરમિયાન, મોડી રાત્રે તકનો લાભ ઉઠાવીને તસ્કરો આ બાઈક ઉઠાવી ફરાર થઈ ગયા હતા. સવારે ઉઠીને જોતા બાઈક ગાયબ જણાતા સલીમભાઈ પટેલે આસપાસ તપાસ કરી હતી અને અંતે મોડાસા ટાઉન પોલીસમાં જાણ કરી હતી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ અને તે પણ એક પત્રકારના ઘરે ચોરી થતાં તસ્કરોની હિંમત કેટલી વધી ગઈ છે તે સ્પષ્ટ દેખાય છે. આ ઘટના બાદ સ્થાનિક રહીશોમાં પોતાની સંપત્તિની સુરક્ષાને લઈને ભારે ચિંતા પ્રસરી છે.

## ભાવનગરમાં યુવક કોંગ્રેસ આગેવાનોની અટકાયત

ભાવનગર શહેરમાં કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહના કાર્યક્રમને લઈ રાજકીય પરિસ્થિતિ ગરમાઈ છે. તેમની મુલાકાત પહેલા યુવક કોંગ્રેસ અને એનએસયુઆઈ તરફથી વિરોધ પ્રદર્શન થવાની સંભાવના વચ્ચે શહેરમાં સાવચેતીના પગલાં વધુ કડક બનાવાયા. આ તણાવભર્યા માહોલમાં શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ સંદીપસિંહ ગોહિલ, યુવક કોંગ્રેસના રાષ્ટ્રીય સચિવ પવનભાઈ મજીઠીયા, ગિરિરાજસિંહ વાળા, એનએસયુઆઈના શહેર પ્રમુખ રિશીરાજસિંહ ગોહિલ અને પ્રદેશ એનએસયુઆઈ મહામંત્રી અભિજિતસિંહ ચુડાસમાને અટકાવવામાં આવ્યા.

આગેવાનોની અટકાયતને રાજકીય વર્તુળોમાં ખાસ ચર્ચા મળી છે, કારણ કે સ્થાનિક સંગઠનો દ્વારા સરકાર સામેના મુદ્દાઓ પર અવાજ ઉઠાવવામાં આવી રહ્યો હતો. મુલાકાત દરમ્યાન મોટા પ્રમાણમાં પ્રદર્શન અથવા નારા લગાવવાની શક્યતાને ધ્યાને લેતા સાવચેતી રૂપે આ પગલાં લેવાયું હોવાનું સૂત્રો જણાવે છે.

શહેરમાં ભવિષ્યની રાજકીય હલચલને લઈને ચર્ચાઓ તેજ થઈ છે. અચાનક કરવામાં આવેલી અટકાયતોથી સમર્થકોમાં અસંતોષનું વાતાવરણ જોવા મળ્યું, કાર્યક્રમ દરમિયાન કોઈ અનિચ્છનીય પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે શહેરમાં સતત મોનિટરિંગ વધારવામાં આવ્યું છે. આગામી દિવસોમાં રાજકીય પક્ષો દ્વારા આ મુદ્દે વધુ પ્રતિસાદ આવવાની શક્યતા છે.




## વડોદરાના પૂર્વ-દક્ષિણમાં 25 થી 27 નવેમ્બર પાણી પુરવઠો રહેશે બંધ

વડોદરા મ્યુનિસિપલ તંત્રએ જાહેર કર્યું છે કે 25થી 27 નવેમ્બર દરમિયાન શહેરના પૂર્વ અને દક્ષિણ વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેશે. આજવા સરોવરથી નિમેટા સુધી નવી 1524 મીમી વ્યાસની લાઈન નાખવાના કામને કારણે આ શટડાઉન જરૂરી બન્યું છે. પાણીગેટ, નાલંદા, ગાજરાવાડી, બાપોદ, સયાજીપુરા, સંખેડા, મહેશનગર, દંતેશ્વર, નંદ ગામ સહિતના વિસ્તારોમાં સપ્લાય સંપૂર્ણ બંધ રહેશે. આજવા અને લાલબાગ ટાંકીમાંથી કેટલાક વિસ્તારોમાં કાપથી પુરવઠો મળશે. 27મીની સાંજથી પાણી ઓછા પ્રેશરમાં ઉપલબ્ધ થશે. રહીશોને પૂરતું પાણી સંગ્રહ કરવાની અપીલ કરવામાં આવી છે.

## સુરતમાં નકલી દસ્તાવેજ બનાવટીથી અફઘાન નાગરિક પકડાયો

સુરતમાં અફઘાનિસ્તાનના મોહમદ આમીર જાવીદ ખાન સામે નકલી જન્મ પ્રમાણપત્ર બનાવી ભારતીય નાગરિકતા મેળવવાનો પ્રયાસ કરવા બદલ ગુનો નોંધાયો છે. નકલી દસ્તાવેજોના આધારે પાસપોર્ટ, આધાર, પાન અને મતદાર કાર્ડ મેળવ્યા હતા. મહારાષ્ટ્રના અગજાન નામના સાગરીત સાથે મળીને કાવતરું રચાયું હતું. ચોકબજારમાં બનેલી ઘટનામાં આમીરની ધરપકડ થઈ છે, જ્યારે અગજાન ફરાર છે. ઘટનાએ દસ્તાવેજ સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઊભા કર્યા છે.

## છાણીમાં આંગડિયા રકમ વિવાદે અપહરણ-દબાણનો કેસ નોંધાયો

છાણી પોલીસ સ્ટેશનમાં દાખલ ફરિયાદ મુજબ આંગડિયા રકમને લઈને થયેલા વિવાદ બાદ એક યુવકને અપહરણ કરી દબાણ કરાયો હતો. નવેમ્બર 2024માં યુએસએના કેલિફોર્નિયામાં 91,000 ડોલર પીકઅપ થયા છતાં ગંતવ્ય સુધી ન પહોંચતા વિવાદ સર્જાયો હતો. ફરિયાદી અનુસાર, અનેક વ્યક્તિઓએ મળીને તેને ધમકાવી રૂ. 27 લાખ પડાવી લીધા હતા. સુરેન્દ્રનગરના સાયલા નજીક તેને અટકાવી દબાણ કરાયું અને મૂલ્યવાન વસ્તુઓ પણ લઈ લેવાઈ. 10 નવેમ્બરે વધુ 10 લાખ માટે ધમકી આપવામાં આવી. કેસ 19 નવેમ્બર 2025ના રોજ નોંધાયો.

## હરણી રોડ પર ચાલતા દંપતીને ચેઈન સ્નેચિંગનો ભોગ

હરણી રોડ વિસ્તારમાં ચાલતા દંપતીને નિશાન બનાવતી ચેઈન સ્નેચિંગની ઘટના પ્રકાશમાં આવી છે. 18 નવેમ્બર 2025ની રાત્રે 9.30 વાગ્યે કૃષ્ણકાંત શાહ પોતાની પત્ની સાથે નાગેશ્વર સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટરસાયકલ પર આવેલા બે યુવાનોમાંથી પાછળ બેઠેલા શખ્સે તેમના ગળામાંથી એક તોલાની સોનાની ચેઈન આંચકી લીધી અને તરત જ ભાગી ગયો. ચેઈનની કિંમત આશરે રૂ. 40,000 જેટલી છે. ફરિયાદ 19 નવેમ્બરે નોંધવામાં આવી હતી. ઘટનાસ્થળની આસપાસની હલચલ, માર્ગની સ્થિતિ અને સંભવિત સીસીટીવી ફૂટેજના આધારે બનાવની તપાસ શરૂ છે.

## ગોત્રી રોડ પર ફોર-વ્હીલર ટક્કરે બાઈક સવાર ઘાયલ

ગોત્રી રોડ પર ઇસ્કોન એટ્રીયા 1 નજીક 11 નવેમ્બર 2025ની સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. ફરિયાદી રઘુનાથ મોહીતે પોતાની મોટરસાયકલ પર જઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવેલી ફોર-વ્હીલર (GJ 06 PM 1889), જે ચલાવતા અશોક સાવલિયા હતા, તેમની બાઈક સાથે અથડાઈ હતી. ટક્કરના કારણે ફરિયાદી રોડ પર પટકાઈ ગયા અને તેમના પગના અંગૂઠામાં, હાથની આંગળીમાં, નાક પર અને પાંસળીમાં ઈજાઓ થઈ હતી. ઘટના બાદ ફરિયાદ 19 નવેમ્બર 2025ના રોજ નોંધાઈ હતી. ગોત્રી રોડના વ્યસ્ત ટ્રાફિક વિસ્તારમાં બનેલી આ ઘટનાની તપાસ ચાલુ છે, જેમાં અકસ્માત સમયે પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ભારતમાળા એક્સપ્રેસવે પર અકસ્માતે બેના જીવ ગુમાવ્યા

વડોદરા તાલુકાના ભારત માલા ન્યુ એક્સપ્રેસ રોડ પર બનેલી ગંભીર માર્ગ અકસ્માતની ઘટનાએ વિસ્તારમાં શોકનું મોજું ફેલાવ્યું છે. ફરિયાદી ઉમેશભાઈ નારણભાઈ વિરાણી પોતાની મારુતિ સુઝુકી અર્ટીકા કારમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે અચાનક આગળ જતી ટાટા ટ્રકને પાછળથી જોરદાર અથડામણ થઈ હતી. અથડામણ એટલી ભયાનક હતી કે કારમાં સવાર બે મુસાફરો—મેહુલભાઈ જયંતીભાઈ ગલાણી (૨૬) અને અશ્વિનભાઈ પુરુષોત્તમભાઈ પટેલ (૪૮)—ને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ તેમનું દુર્ભાગ્યપૂર્ણ મોત થયું હતું. અકસ્માતમાં ફરિયાદી અને અન્ય સાક્ષી હળવી રીતે ઘાયલ થયા હતા. વહેલી સવારમાં બનેલી આ દુર્ઘટનાએ એક્સપ્રેસવે પર વાહનચાલનમાં સાવચેતી અને પુરતી અંતર જાળવવાની જરૂરીયાત ફરી એક વાર ચેતવણી રૂપે ઉભી કરી છે.

## વડોદરામાં ગેરકાયદેસર મુસાફરી સામે કડક સંયુક્ત કાર્યવાહી

વડોદરા પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને એસટી મધ્યસ્થ કચેરી સુરક્ષા ખાતાની સંયુક્ત ટીમ દ્વારા છેલ્લા ત્રણ દિવસથી ગેરકાયદેસર મુસાફરી કરતા વાહનો સામે વિશાળ સ્તરે અભિયાન હાથ ધરાયું છે. આરટીઓ અધિકારી જે.કે. પટેલ અને સુરક્ષા ખાતા વડા આર.ડી. ગળચરના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ સુરક્ષા સ્ટાફ, આરટીઓ વડોદરા તથા જિલ્લા ટ્રાફિક વિભાગે મળીને સતત ચેકિંગ ડ્રાઇવ ચલાવી હતી.

આ કાર્યવાહી દરમિયાન પ્રાઇવેટ વાહનો દ્વારા ગેરકાયદેસર મુસાફરોની હેરફેર કરતા કુલ 150 કેસ નોંધાયા હતા, જ્યારે 53 વાહનોને તાત્કાલિક ડિટેન કરવામાં આવ્યા હતા. ઉપરાંત વિવિધ નિયમભંગ બદલ કુલ રૂ. 1,87,000 નો દંડ વસૂલાયો હતો. સંયુક્ત ડ્રાઇવ દરમિયાન શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં મુખ્ય માર્ગો અને જાહેર સ્થળોએ ચેકિંગ પોઇન્ટ ઉભા કરી નિયંત્રણ વધારવામાં આવ્યું હતું.




મોટર વેહિકલ ઇન્સ્પેક્ટર એન.બી. પટેલે જણાવ્યું કે પ્રાઇવેટ વાહનો દ્વારા ગેરકાયદેસર મુસાફરો વહન કરવાથી રાજ્ય સરકારની આવક અને નિગમની આર્થિક ગતિવિધિને સીધી અસર પડે છે. ઉપરાંત આવા વાહનો અકસ્માતની સંભાવના પણ વધારતા હોવાનું જણાય છે. તેમણે વધુમાં ઉમેર્યું કે પરમિટ ભંગ, રોડ સેફ્ટી નિયમોનું ઉલ્લંઘન અને ઓવરલોડિંગ જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને લગભગ 40 જેટલા વાહનો સામે વધારાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

## AMC દ્વારા પશ્ચિમ વિસ્તારોમાં 15 પ્રીમિયમ પ્લોટ વેચાણનો નિર્ણય



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરના પશ્ચિમ વિસ્તારોમાં આવેલા રેસિડેન્શિયલ અને કોમર્શિયલ હેતુના 15 પ્લોટને જાહેર હરાજી દ્વારા વેચાણ કરવા જઈ રહ્યું છે. આ વેચાણથી કુલ રૂ. 1823 કરોડ જેટલી આવક ઊભી થશે એવી શક્યતા છે. સાયન્સ સિટી, ભાડજ, હેબતપુર, ગોતા, મોટેરા, થલતેજ, બોડકદેવ અને સરખેજ વિસ્તારમાં આવેલા આ પ્લોટ માટે સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી છે.

કમિટી ચેરમેન દેવાંગ દાણીના જણાવ્યા મુજબ કમિટીએ ડિસ્પોઝલ ઓફ લેન્ડ અધિનિયમ મુજબ કડિયાની કિંમતો નક્કી કરી છે અને તે મુજબ ઓપન હરાજી થશે. સૌથી મોંઘા પ્લોટોમાં સાયન્સ સિટી રોડનો કોમર્શિયલ TP 42 FP 273 માટે રૂ. 345 કરોડ અને નજીકનો રેસિડેન્શિયલ TP 42 FP 258 માટે રૂ. 306 કરોડનો ભાવ નક્કી થયો છે. ગોતા અને ભાડજ વિસ્તારોના પ્લોટ પણ રૂ. 140 કરોડથી વધુના મૂલ્યાંકે હરાજીમાં મૂકાયા છે. હાલમાં છ જેટલા પ્લોટમાં સંપૂર્ણ પઝેશન મળ્યું નથી અને કેટલાક પર ગાર્ડન દીવાલ તથા કમ્પાઉન્ડ વોલના દબાણની બાબતો પણ છે. AMC મુજબ પ્લોટ વેચાણથી મળતી આવક શહેરના રસ્તા, સ્ટોર્મ વોટર, ગટર, બગીચા, લાઇબ્રેરી અને ફાયર સ્ટેશન જેવી સુવિધાઓના વિકાસમાં મદદરૂપ થશે.

## વડોદરા ગ્રામ્યમાં ટ્રાફિક અને દારૂ ઉલ્લંઘન કેસો

વડોદરા ગ્રામ્ય જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક ઉલ્લંઘન, નશામાં વાહનચાલન અને દારૂબંધીના ભંગના અનેક કેસો એક જ દિવસમાં સામે આવતા ચિંતાજનક પરિસ્થિતિ ઉભી થઈ છે. વાઘોડિયામાં રિક્ષા ચાલકો દ્વારા ભયજનક રીતે પાર્કિંગ કરવું અને પુરઝડપે વાહન હંકારવાની ત્રણ અલગ ઘટના સામે આવી છે, જેને કારણે ટ્રાફિક વ્યવસ્થા પ્રભાવિત થતી હોવાનું જાણવા મળ્યું છે. ડ્રંક એન્ડ ડ્રાઈવ કેસોમાં વરણામામાં હિતેષભાઈ રાઠોડીયા, વાઘોડિયામાં પ્રતિકકુમાર દવે અને પાદરા વિસ્તારમાં વિજયભાઈ ચૌહાણ નશાની હાલતમાં વાહનચાલન કરતા ઝડપાયા હતા. આવા બનાવોએ હાઈવે અને મુખ્ય માર્ગોએ મુસાફરોની સુરક્ષાને લઈને પણ પ્રશ્નો ઊભા કર્યા છે. પ્રોહિબિશનના કેસોમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો. વરણામા વિસ્તારમાં કિશનભાઈ પારેખ અને વિક્રમભાઈ રાઠોડીયા, ડેસરમાં ખુમાનભાઈ પરમાર, વાઘોડિયામાં અલ્પેશભાઈ પરમાર તથા ત્રણ ઈસમો—વિવેકકુમાર ભાલીયા, સાજનભાઇ રાઠોડિયા અને વિવેકકુમાર વી. ભાલીયા— કોદરવાયા કેનાલ પાસે નશો કરેલી હાલતમાં જોવા મળ્યા હતા. ડભોઇમાં જયંતીભાઈ વસાવા જાહેરમાં નશાની અસર હેઠળ હંગામો કરતા મળ્યા. પાદરા વિસ્તારમાં અંજનાબેન વસાવા પોતાના ઘરમાંથી એક લિટર દેશી દારૂ સાથે ઝડપાયા હતા. તે ઉપરાંત, સાવલીમાં ચંપાબેન મકવાણાના ઘરે દરોડા દરમ્યાન ભારતીય બનાવટના વિદેશી દારૂના ૯૬ ક્વાર્ટર (કિંમત રૂ. ૯,૬૦૦) મળતા દારૂબંધીના ભંગનો વધુ એક કિસ્સો સામે આવ્યો




સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ટેલિગ્રામ રોકાણ લાલચમાં વેપારીઓ સાથે મોટી છેતરપિંડી

ચાણોદ વિસ્તારમાં મીતભાઈ તુષારભાઈ ભટ્ટ સાથે ઓનલાઇન રોકાણના નામે નાણાકીય છેતરપિંડીનો કેસ સામે આવ્યો છે. “ટ્રેડ વિથ વિકાસ” નામની ટેલિગ્રામ ચેનલે ૪ ગણો નફો આપશે તેવી લિંક મોકલતાં તેમણે ક્લિક કર્યું હતું. બાદમાં વોટ્સએપ પર એક અજાણ્યા વ્યક્તિએ રૂ. ૧૦,૦૦૦ નું રોકાણ કરાવ્યું અને ખોટી રીતે રૂ. ૫૭,૦૦૦ નો નફો થયો હોવાનું જણાવીને વધુ વિશ્વાસમાં લીધો હતો. ત્યારબાદ વિવિધ ચાર્જ અને પ્રોસેસિંગ ફી ના નામે અનેક ટ્રાન્ઝેક્શન કરાવ્યા હતા. આ રીતે કુલ રૂ. ૨,૩૮,૭૬૩.૩૮ ની રકમ પડાવી લેવામાં આવી હતી.

## આસોજ સીમમાં એસ.ટી. બસ-ટેન્કર અથડામણથી નુકસાન

જરોદ પોલીસ મથક વિસ્તારમાં આસોજ ગામની સીમમાં સવારે બનેલી અકસ્માતની ઘટનામાં એસ.ટી. બસને ભારે નુકસાન થયું. માહિતી મુજબ, એસ.ટી. બસ ડ્રાઇવર જયેશકુમાર ભીખાભાઈ પટેલ અશોક લેલેન્ડ બસ પુરઝડપે ચલાવી રહ્યા હતા ત્યારે બસ આગળ જતાં ટેન્કર ટ્રકને પાછળથી અથડાઈ હતી. અથડામણના પ્રભાવથી બસના આગળના ભાગને આશરે રૂ. ૭૦,૦૦૦ જેટલું નુકસાન થયું હતું. અકસ્માત સમયે બસમાં સવાર મુસાફરોને કોઈ ગંભીર ઈજા પહોંચી ન હતી, પરંતુ બેદરકારીભર્યા વેહલવાહનથી રોજિંદી મુસાફરીમાં જોખમની ભાવના ફરી સામે આવી છે.

## ફોફળીયા બસ સ્ટેન્ડ પાસે પરવાનગી મુદ્દે બોલાચાલી તંગ

શિનોર વિસ્તારમાં મોટા ફોફળીયા બસ સ્ટેન્ડ નજીક મકાન બાંધકામની પરવાનગીને લઈને બે પક્ષોમાં બોલાચાલી અને ઝપાઝપીનો વિવાદ સર્જાયો. ફરિયાદી ભગુભાઈ રબારીના જણાવ્યા મુજબ, હેમંતભાઈ દેસાઈએ “તું નવાઈનો સરપંચ બની ગયો છે” એવું કહી ઉશ્કેરણીજનક શબ્દો બોલ્યા હતા. બાદમાં થયેલી ઝપાઝપી દરમ્યાન ફરિયાદીને ધક્કો મારતા સામાન્ય ઇજા પહોંચી હતી. પરવાનગી સંબંધિત નાનકડો મતભેદ વ્યક્તિગત તણાવ સુધી પહોંચતા સ્થાને ક્ષણિક અશાંતિ સર્જાઈ હતી.

## હરણી રોડ પર ચાલતા દંપતીને ચેઈન સ્નેચિંગનો ભોગ

હરણી રોડ વિસ્તારમાં ચાલતા દંપતીને નિશાન બનાવતી ચેઈન સ્નેચિંગની ઘટના પ્રકાશમાં આવી છે. 18 નવેમ્બર 2025ની રાત્રે 9.30 વાગ્યે કૃષ્ણકાંત શાહ પોતાની પત્ની સાથે નાગેશ્વર સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટરસાયકલ પર આવેલા બે યુવાનોમાંથી પાછળ બેઠેલા શખ્સે તેમના ગળામાંથી એક તોલાની સોનાની ચેઈન આંચકી લીધી અને તરત જ ભાગી ગયો. ચેઈનની કિંમત આશરે રૂ. 40,000 જેટલી છે. ફરિયાદ 19 નવેમ્બરે નોંધવામાં આવી હતી. ઘટનાસ્થળની આસપાસની હલચલ, માર્ગની સ્થિતિ અને સંભવિત સીસીટીવી ફૂટેજના આધારે બનાવની તપાસ શરૂ છે.

## હોસ્પિટલમાં પડી જવાથી વૃદ્ધ દર્દીનું મોત નોંધાયું

વાઘોડિયા વિસ્તારમાં આવેલી કૈલાશ કેન્સર હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા ૬૭ વર્ષીય રમેશભાઈ બાલાસાહેબ ગરૂડના અકસ્માત મોતની ઘટના સામે આવી છે. તેઓ કીમોથેરાપી વિભાગમાં દાખલ હતા અને સારવાર દરમિયાન બાથરૂમ જવા માટે બેડ પરથી ઊભા થયા ત્યારે અચાનક ચક્કર આવી ગયાં હતા. સંતુલન ગુમાવતાં તેઓ નીચે પટકાયા હતા અને માથા સહિત શરીરના ભાગોમાં ઈજા થઈ હતી. તાત્કાલિક સારવાર આપાઈ હોવા છતાં ઈજાના અસરકારક પ્રભાવને કારણે તેમનું મોત થયું હતું. હોસ્પિટલમાં સારવાર વચ્ચે બનેલી આ દુર્ઘટનાએ પરિવારજનોમાં શોકનું વાતાવરણ છવાયું છે.